આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણો મુજબ પગાર ધોરણો મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૦૯/૩૮૮/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫/૧૦/૨૦૧૦

<u>વંચાણે લીધાઃ-</u>

નાણા વિભાગના તા. ૧૨/૨/૦૯ નો ઠરાવ ક્ર. પગર-૧૦૦૯-૧-પગાર એકમ(મ)

<u>ઠરાવઃ-</u>

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના અધારે ગુજરાત રાજ્ય સેવા (પગારસુધારણા) નિયમો, ૨૦૦૯ અન્વયે નવા પગાર ધોરણો લાગુ પાડવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોને આધિન છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણો મુજબ પગાર ધોરણો આપવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પત્રક -૧ માં દર્શાવેલ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાંની ક્રમ-૧ થી ક્રમ-૮ ની કેડરને અને આશ્રમશાળા દીઠ સંવર્ગવાર જગ્યાઓ દર્શાવતી સામેલ અનુસૂચિમાં જણાવ્યા મુજબના સંવર્ગને છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનો થશે. તે સિવાયની કોઇપણ કેડર કે સંવર્ગને છઠ્ઠા પગારપંચનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨) આશ્રમશાળામાં અસ્તિત્વ ધરાવતી ફિક્સ પગારની તેમજ કરાર આધારીત જગ્યાઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપી શકાશે નહીં.

(3) છઠ્ઠા પગારપંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું આશ્રમશાળાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પોતાની સત્તાની રૂએ કોઇ છૂટછાટ આપી શકાશે નહીં.

(૪) આશ્રમશાળા/સંસ્થા દ્વારા રાજ્ય સરકારની મંજૂરી વિના હવે પછી કોઇ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહીં અને તેને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપી શકાશે નહીં.

(૫) આશ્રમશાળા/સંસ્થા દ્વારા જેટલી જગ્યાઓ માટે છઠ્ઠા પગારપંચનો લાભ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જે જગ્યાઓને છઠ્ઠા પગારપંચનો લાભ મંજુર કરવામાં આવે છે. તે સિવાયની કોઇપણ જગ્યાને છઠ્ઠા પગારપંચનો લાભ આપી શકાશે નહીં. આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની તથા સંસ્થાના પ્રમુખની જવાબદારી રહેશે.

(૬) આશ્રમશાળા/સંસ્થા દ્વારા રાજ્ય સેવા વિષયક નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) જી.પી.એફ. ધરાવતા કર્મચારીઓને સને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષથી પાંચ વાર્ષિક હપ્તેથી પગાર તફાવતની રકમ તેમના સામાન્ય ભવષ્ય નીધિ ફંડના ખાતામાં જમા કરાવવાની રહેશે. સી.પી.એફ. ધરાવતા કર્મચારીઓને સને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષથી પાંચ ક્રમિક વાર્ષિક હપ્તેથી પગાર તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે. તેમજ ઇ.પી.એફ.ધરાવતા કર્મચારીઓની ઇ.પી.એફ. ખાતામાં પગાર તફાવતની રકમ જમા કરાવી શકાય તેમ નહીં હોવાથી છઠ્ઠા પગારપંચ ના અમલના કારણે ચૂકવવાપાત્ર થતી તફાવતની રકમ હાલની નીતિ મુજબ સને ૨૦૦૯-૧૦ થી ક્રમિક પાંચ નાણાકીય વર્ષમાં પાંચ હપ્તામાં રોકડમાં ચૂકવવાની રહેશે.

(૮) આશ્રમશાળા પોતાની સત્તાની રૂએ કોઇપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહીં. અને કોઇ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહીં.

(૯) નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવા માટે આશ્રમશાળા અધિકારી, આદિજાતિ વિકાસ તથા સંસ્થાના પ્રમુખશ્રી અને કમિશ્નરશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

(૧૦) આશ્રમશાળા દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) પાચમા પગારપંચ વખતે જે ભથ્થાઓ મંજુર કરેલ છે તે ઉપરાંત કોઇ વધારાના ભથ્થા ચૂકવવાના રહેશે નહીં કે પ્રવર્તમાન ભથ્થાઓના દરમાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં.

(૧૨) આશ્રમશાળા અને ઉત્તરબુનિયાદી આશ્રમશાળાની મંજુર થયેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ૫૨૧૬ જગ્યાઓ મંજુર થયેલ છે જ્યારે ૪૪૦૭ તે પૈકીની ભરાયેલ તેમાંથી ૮૦૯ જગ્યાઓ ખાલી પડેલ છે, તે જગ્યા રદ કરવાની રહેશે.

(૧૩) આશ્રમશાળાના કર્મચારીઓને હાલમાં બોનસના કાયદા અન્વયે બોનસ ચૂકવવામાં આવતું હોય તો આ અંગે સંચાલક, આશ્રમશાળા અધિકારી તેમજ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી મારફતે જરૂરી નિર્ણય અર્થે રાજ્ય સરકારનો પરામર્શ કરવાનો રહેશે.

(૧૪) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૪/૨/૨૦૦૫ ના હુકમ ક્રમાંકઃ અમશ/૧૪૨૦૦૪/હા.કો.-૨૧/ઘ માં દર્શાવ્યા પ્રમાણે રાજ્યમાં આવેલ આશ્રમશાળાઓના કર્મચારીઓને (૧) લિયન (૨) પેન્શન/ગ્રેજ્યુઇટી (નિવૃતિના લાભો) (૩) જૂથ વીમા યોજના (૪) આચાર્ય ભથ્થું (૫) બેડ ક્લાઇમેટ એલાઉન્સ (૬) ગણવેશ ભથ્થું/ધોલાઇ ભથ્થું (૭) બદલી ભથ્થું (૮) સામાન્ય ભવિષ્યનિધિ (૯) સિલેક્શન ગ્રેડ (૧૦) ઉચ્ચતર પગાર ધોરણ (૧૧)મકાન/વાહન/તહેવાર/ અનાજ પેશગી (૧૨) આશ્રમશાળા સમિતિની રચના (૧૩) શિક્ષણ સમિતિના કર્મચારીઓને મળતા તમામ લાભો તથા અન્ય બીજા કોઇપણ લાભો મળી શકશે નહીં.

(૧૫) આશ્રમશાળાના તમામ કર્મચારીઓનું પે-ફિક્સેશન આઇ.એફ.એમ.એસ.સીસ્ટમ દ્વારા ફરજીયાત પણે કરવાનું રહેશે.

(૧૬) આશ્રમશાળાની કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહીં. આ ઉપરાંત આ કર્મચારીઓને પેન્શન પણ મળવાપાત્ર થઇ શકશે નહીં.

(૧૭) તા. ૧/૧/૨૦૦૬ ના રોજ તથા ત્યાર બાદ નિવૃત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમાનુસાર છઠ્ઠા પગાર ધોરણ તથા તે મુજબના પેન્શનના લાભ મળવાપાત્ર થતા હશે તો તેઓને તે ચુકવવાના રહેશે.

(૧૮) ૧૯૯૮ પછી જે આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં નાણા વિભાગની પૂર્વમંજુરીથી નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી હોય તેવી જગ્યાઓને જ છઠ્ઠા પગારપંચનો લાભ મળવાપાત્ર થશે. તેવી તમામ જગ્યાઓની ચકાસણી અને ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની રહેશે.

આ અંગેનો ખર્ચ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓ માટેના વહીવટી ખર્ચ અંગે થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૪/૧૦/૧૦ થી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્યોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્રસચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, બિસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી , ગાંધીનગર
નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
નિયામકશ્રી હિસાબ અને તિજોરીઓ, ગાંધીનગર
નિયામકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
તકેદારી અધિકારીશ્રી તમામ
આશ્રમશાળા અધિકારીશ્રી તમામ
ના.સે.અ. સિલેક્ટ ફાઇલ
સિલેક્ટ ફાઇલ

પત્રક-૧

આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૫/૧૦/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૦૯/૩૮૮/ઘ નું બિડાણ

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણો મુજબ પગાર ધોરણો આપવા બાબત.

તા. ૧/૧/૨૦૦૬ થી અમલમાં આવતા પે બેન્ડ અને ગ્રેડ પે

આશ્રમશાળાઓ માટે સ્કેલ ટુ સ્કેલ પગાર ધોરણ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | હાલનું પાંચમા પગારપંચ મુજબનું પગાર ધોરણ | પે બેન્ડ કોડ | કોરસપોન્ડીંગ સ્કેલ | ગ્રેડ પે |
|---|---|---|---|---|---|
| ૧ | આશ્રમશાળાના તાલીમી શિક્ષકો | ૪૦૦૦-૬૦૦૦ | પી.બી.૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૨ | આશ્રમશાળાના બિનતાલીમી શિક્ષકો | ૩૦૫૦-૪૫૯૦ | પી.બી.૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૩ | બિનશૈક્ષણિક કર્મચારીઓ (વર્ગ-૪) રસોયા, રસોડા નોકર, મદદનીશ રસોયા અને કમાઠી | ૨૫૫૦-૩૨૦૦ | આઇએસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |
| ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે પગાર ધોરણ નીચે મુજબ છે. | | | | | |
| ૪ | આચાર્ય | ૬૫૦૦-૧૦૫૦૦ | પી.બી.૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૫ | માધ્યમિક શિક્ષકો | ૫૦૦૦-૮૦૦૦ | પી.બી.૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૬ | ફિલ્ડ આસીસ્ટન્ટ | ૪૫૦૦-૭૦૦૦ | પી.બી.૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૭ | જુ.ક્લાર્ક વર્ગ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | પી.બી.૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૮ | બિનશૈક્ષણિક કર્મચારીઓ (વર્ગ-૪) રસોયા, રસોડા નોકર, મદદનીશ રસોયા અને પટાવાળા | ૨૫૫૦-૩૨૦૦ | આઇએસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |

(જ્યોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૫/૧૦/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૦૯/૩૮૮/ઘ નું બિડાણ**

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના કર્મચારીઓને છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચની ભલામણો મુજબ પગાર ધોરણો આપવા બાબત.

આશ્રમશાળાઓની સંવર્ગ દર્શાવતી અનુસૂચિ

| શાળા | શાળાની સંખ્યા | સંવર્ગ | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આચાર્ય | મ.શિ. | ફિ.આ. | જુ.ક્લાર્ક | પટાવાળા | કમાઠી | રસોયા | રસોયા મદદનીશ | રસોડા નોકર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| આ.શા. | ૪૫૦ | - | ૫ | - | - | - | ૧ | ૧ | ૧ | ૧ | ૯ |
| ઉ.બુ.આ.શા. | ૯૭ | ૧ | ૪ | ૧ | ૧ | ૧+૧ (વિ.નીસંખ્યા મુજબ) | ૧ | ૧ | ૧ | ૧ | ૧૨/૧૩ (કોલમ ૭ મુજબ) |

(જ્યોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ